ગુજરાતનો મહાસંગ્રામ 2012

આનંદીબેન પટેલે ઘાટલોડિયા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી

ઉમેદવારીપત્ર ભરતા પહેલા જાહેરસભાને સંબોધન કર્યું
ભાજપની રાજ્ય સરકારે નારીશક્તિનું ગૌરવ વધાર્યું

અમદાવાદ, તા. ૨૯

મહેસુલ, માર્ગ-મકાન અને મહિલા બાલ કલ્યાણ મંત્રી આનંદીબેન પટેલે આજે ઘાટલોડિયા વિધાનસભા બેઠક પરથી ઉમેદવારીપત્રક ભર્યું હતું. ઉમેદવારીપત્રક ભરતા પહેલાં ઘાટલોડિયા પ્રભાતચોક ખાતે મોટી સંખ્યામાં મતદારો, શુભેચ્છકો, વિવિધ જ્ઞાતિના આગેવાનો, સોસાયટીના ચેરમેનો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. અને ખૂબ મોટી લીડથી જીતાડવા બાંહેધરી અને શુભેચ્છાઓ પાઠવી હતી. એમ એક અખબારી યાદીમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. ઉપસ્થિત સભાને સંબોધતા આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે કોંગ્રેસ નકારાત્મક રાજનીતિના માર્ગે ચાલી રહી છે. વિવિધ પ્રકારના ગપગોળા ફેલાવી રહી છે.

મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતનો સર્વાંગીણ વિકાસ થઈ રહ્યો છે. યુ.કે., જાપાન, કેનેડા જેવા દેશો ગુજરાતમાં વ્યાપાર અને ઉદ્યોગો સ્થાપવા પ્રેરાયા છે. અમદાવાદમાં બીઆરટીએસ, રીવર ફ્રન્ટ, કાંકરિયા લેક ડેવલોપમેન્ટ, સમગ્ર દેશમાં ધ્યાન આકર્ષિત કેન્દ્ર બન્યા છે. સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટનો સમાવેશ થયો છે. ગુજરાત ભાજપે કુલ ૧૯ બહેનોને તાજેતરની વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવાર બનાવી નારીશક્તિનું ગૌરવ વધાર્યું છે. આ કાર્યક્રમમાં કોર્પોરેટરો, વિવિધ વોર્ડના પ્રમુખ મહામંત્રીઓ, વિવિધસેલ અને મોરચાના આગેવાનો તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપ સાથે ફતેસિંહ ચૌહાણ છેડો ફાડી જીપીપીમાં જોડાયા

ભાજપના વધુ દશ પૂર્વ ધારાસભ્યો જીપીપીમાં જોડાશે

બિમલ શાહ ભાજપમાં રાજીનામુ આપી પરિવર્તન પાર્ટીમાં જોડાયા; કેશુબાપા સાથે કરેલી બેઠક

ગાંધીનગર, તા.૨૯

ભાજપમાંથી ટીકીટ ન મળતાં ભાજપના બે વર્તમાન અને સાત પૂર્વ ધારાસભ્ય સહીત કુલ દશ જેટલા ધારાસભ્યો ભાજપ છોડીને ગુજરાત પરિવર્તન પાર્ટીમાં જોડાઈ ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ભાજપ દ્વારા ગઈ કાલે બીજા તબક્કા માટે ૯૪ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. જેમાં ૨૭ જેટલા વર્તમાન ધારાસભ્યોની ટીકીટ કાપવામાં આવી હતી. આ ઉપરાંત કેટલાક પૂર્વ ધારાસભ્યોને પણ ટીકીટ આપવામાં ન આવતાં આ ધારાસભ્યોએ ભાજપ છોડવાનો અને ગુજરાત પરીવર્તન પાર્ટીમાં જોડાવવાનો નિર્ણય કરી લીધો હોવાનું જાણવા મળે છે.

જીપીપી સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજગઢ બેઠકના ભાજપના વર્તમાન ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણને પક્ષ દ્વારા ટીકીટ આપવામાં ન આવતાં તેઓ નારાજ થયા હતાં અને આજે ભાજપમાંથી રાજીનામું આપીને જી.પી.પી.માં જોડાઈ ગયા છે.

આ ઉપરાંત ખેડા જિલ્લાના પૂર્વ ધારાસભ્ય રાકેશ રાવને પણ ટીકીટ ન મળતાં તેમણે પણ ભાજપમાંથી રાજીનામું આપીને જી.પી.પી.માં જોડાનાર છે.

ફતેસિંહ ચૌહાણ જી.પી.પી.માંથી આવતીકાલે કાલોલ બેઠક પરથી ઉમેદવારી નોંધાવે તેવી શકયતાઓ છે.

આ ઉપરાંત કપડવંજ બેઠક પરના પૂર્વ ધારાસભ્ય બિમલ શાહને આ વખતે ટીકીટ ન મળતા તેઓ નારાજ થયા છે. જો કે બિમલ શાહે હજુ ભાજપ સાથે છેડો ફાડયો નથી પરંતુ જી.પી.પી.માં જોડાવા માટેનુ મન બનાવી લીધું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આમ ભાજપમાંથી ટીકીટ ન મળતાં અંદાજે દશ જેટલા ભાજપના પૂર્વ ધારાસભ્યો ભાજપ સાથે છેડો ફાડીને આવતીકાલે જી.પી.પી.માં જોડાઈને જી.પી.પી.માંથી ચૂંટણી લડનાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સાવરકુંડલાના વર્તમાન ધારાસભ્ય કાળુ વિરાણીને ભાજપે ટીકીટ ન આપતાં તેઓએ બળવો કરીને ભાજપના સત્તાવાર ઉમેદવાર સામે બળવો કરીને અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

જી.પી.પી.ના એક આગેવાને જણાવ્યું હતું કે ભાજપના વધુ કેટલાક ધારાસભ્યો જી.પી.પી.ના સંપર્કમાં છે.

ભાજપમાં ભાંજગડ

પેટલાદ બેઠક પર ભાજપે દિપક પટેલને ટીકીટ આપતાં સ્થાનિક કાર્યકરો અને ટીકીટ વાંચ્છુઓએ વિરોધ નોંધાવીને રોષ વ્યકત કર્યો હતો.

● બોટાદના ભાજપના કેટલાક આગેવાનોએ રાજીનામા આપ્યા

બોટાદ બેઠક પર ભાજપે જાહેર કરેલા ઉમેદવારને લઈને બોટાદ શહેરના ભાજપના કેટલાક આગેવાનોએ પોતાના હોદા પરથી રાજીનામા આપીને વિરોધ કર્યો હતો.

● ભૂજમાં ભાજપના ઉમેદવાર સામે વિરોધનો વંટોળ

ભૂજ બેઠક પર ભાજપે અંજારના વર્તમાન ધારાસભ્ય ડૉ. નિમાબેન આચાર્યને ટિકીટ આપતાં ભૂજના સ્થાનિક ભાજપના કાર્યકરો અને આગેવાનો નારાજ થયા હતાં અને ભાજપ નેતાગીરી સમક્ષ તેમની લાગણી વ્યકત કરીને પક્ષના સત્તાવાર ઉમેદવાર સામે વિરોધ નોંધાવ્યો હતો.

● રાજગઢના ભાજપના ધારાસભ્ય જીપીપીમાં જોડાયા

રાજગઢના ભાજપના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણને ટીકીટ ન મળતાં તેઓ આજે ભાજપને અલવીદા કરીને જીપીપીમાં જોડાઈ ગયા છે.

સ્વર્ગસ્થ હરેન પંડ્યાના પત્ની જાગૃતિબેન જીપીપી ઉમેદવાર

સ્વ. હરેન પંડ્યાના અધૂરા કામો પૂરા કરવા માટેની ઇચ્છા
એલિસબ્રીજ મતવિસ્તારના મતદારો ઉપર ભરોસો છે

અમદાવાદ, તા.૨૯

રાજ્યના પૂર્વ ગૃહરાજ્યમંત્રી સ્વ.હરેન પંડ્યાના પત્ની જાગૃતિબેન પંડ્યાએ આજે બપોરે ૧૨.૩૯ ના શુભ મુહૂર્તે અમદાબાદના એલિસબ્રીજની બેઠક પરથી ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારી નોંધાવી હતી.

સ્વ.હરેન પંડ્યાના ધર્મપત્ની જાગૃતિબેન પંડ્યાએ ગુજરાતા પરિવર્તન પાર્ટીમાં જોડાયા બાદ પત્રકારોને જણાવ્યું હતું કે, ભાજપ પોતાની મૂળ વિચારધારાથી ફંટાઈ ગયો છે. એટલે જ જીપીપીમાંથી ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે . મારા પતિ સ્વ.હરેન પંડ્યાની રાજકીય હત્યા થઈ હતી. ૧૦ વર્ષ સુધી સંઘર્ષ કર્યા છતાં મને ન્યાય મળ્યો નથી. ૧૦ વર્ષ સુધી મેં અનેક મુસીબતો અને વિટંબણાઓ ભોગવી છે. ભાજપે પ્રકારની સહાનુભૂતિ પણ દર્શાવી નથી. મેં ખૂબજ વિચાર કર્યા બાદ કેશુભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત પરિવર્તન પાર્ટીમાં જોડાવવાનો નિર્ણય કર્યો છે. સ્વ. હરેન પંડ્યાના અધૂરા કામો પૂરા કરવાની નેમ છે. અને મને વિશ્વાસ છે કે એલીસબ્રીજના મતદારો મને સારો નયાય અપાવશે. સ્વ. હરેન પંડ્યાને સાચી શ્રદ્ધાંજલી ગણશે.

નોંધનીય છે કે ૧૯૯૮માં કેશુભાઈ પટેલના સ્થાને મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીની નિમણૂંક ભાજપ હાઈકમાન્ડે કરી હતી. મુખ્યમંત્રી બન્યા બાદ મોદીને છ માસમાં ધારાસભ્ય તરીકે ચૂંટાવું જરૂરી હતુ. આ માટે તેમણે હરેનપંડ્યાને એલિસબ્રિજ સીટ ખાલી કરવા સૂચન કર્યું હતુ, પરંતુ પંડ્યાએ તેમ કરવાનો ઇન્કાર કરી દીધો હતો. ત્યારબાદ મોદી રાજકોટની બેઠકપરથી ચૂંટણી લડીને ધારાસભ્ય બન્યા હતા. જો કે ૨૦૦૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીએ હરેનપંડ્યાને ધરાર ટિકિટ આપવાનો ઇન્કાર કરી દીધો હતો. આમ બંને વચ્ચે મતભેદો આસમાને પહોંચી ગયા હતા. જાગૃતિ બહેને અવારનવાર પોતાના પતિની હત્યામાં સ્થાપિત હિતોનો રસ હોવાનું આક્ષેપ કરેલો છે. એલિસબ્રિજ બેઠક પરથી ભાજપે વર્તમાન ધારાસભ્ય અને શહેર પ્રમુખ રાકેશ શાહને ટિકિટ આપી છે. આમ બંને વચ્ચેનો જંગ હવે જોરદાર બનશે.

નારણપુરા બેઠક પરથી કોંગ્રેસના ડો. જીતુભાઈ પટેલે ઉમેદવારી પત્ર ભર્યું હતુ.

કેશુભાઈના ૨૦ નજીકના સભ્યોને ભાજપની ટિકિટ

કોઈપણ પ્રકારના અસંતોષને અટકાવવા અને પક્ષની મત હિસ્સેદારીને જાળવી રાખવાના હેતુસર મહત્વનો નિર્ણય

અમદાવાદ,તા. ૨૯

ભાજપે બીજા તબક્કાના ઉમેદવારોની યાદી ખૂબ જ સાવધાનીપૂર્વક જાહેર કરી હતી અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને તેમની યોજનામાં સફળ થવાની કોઈપણ તક આપી ન હતી. પક્ષે જીપીપીના નેતા કેશુભાઈ પટેલના ખૂબ જ નજીકના ગણાતા આશરે ૨૦ ધારાસભ્યોને પણ પક્ષની ટિકિટ આપી દઈને કેશુભાઈની યોજના ઉપર પાણી ફેરવી કાઢ્યું છે. કેશુભાઈ પટેલની ગણતરી હતી કે અસંતુષ્ટોને ટિકિટ આપી દેવામાં આવશે. પરંતુ ભાજપે ખૂબ જ સાવધાનીપૂર્વક આની નોંધ લીધી છે. કોઈપણ તક લીધા વગર ભાજપે કેશુભાઈ પટેલના ખૂબ જ વફાદાર ગણાતા લોકોને ટિકિટ આપી દઈને નારાજગી દૂર કરી દીધી છે. ટિકિટ નહીં આપવાની સ્થિતિમાં આ લોકો બળવો કરી શકે છે અને કેશુભાઈને ફાયદો કરાવી શકે છે તેવી દહેશત રાખવામાં આવી હતી. ભાજપના આ ધારાસભ્યો અપક્ષ તરીકે અથવા તો ગુજરાત પરિવર્તન પાર્ટીની ટિકિટ ઉપર ચૂંટણી લડ્યા હોત તો નુકસાન થઈ શકે છે તેવી ગણતરી કરવામાં આવી હતી.

શાસક પક્ષના મત હિસ્સાને ઘટાડી શકે છે તેવી પણ ગણતરી કરવામાં આવી હતી. ખાસ કરીને સૌરાષ્ટ્ર ઉપર વિશેષ નજર રાખવામાં આવી હતી. વિસાવદરમાં ચૂંટણી ખૂબ જ રોમાંચક બની રહેશે. અહીં કેશુભાઈ પટેલ અને એક વખતે તેમના નજીકના સાથી કનુભાઈ ભલાલા વચ્ચે સ્પર્ધા થશે. જે લોકોને કેશુભાઈ પટેલના ખૂબ જ નજીકના ગણવામાં આવે છે અને ટિકિટ મેળવી ચૂક્યા છે તેમાં જીતુ સોમાની, કેશુભાઈ નાકરાની, મોહન કુંડાળીયા, ચીમન સાપરિયા, હરિભાઈ પટેલ, રતિ સુરેજા, કિશોર વાકાવાળા, જશુમતિબેન કોરાટ, જયંતિ કાવડિયા, ગોવિંદ પરમાર, છત્રસિંહ મોરી, નરોત્તમ પટેલ, વસંત અહીર અને દીપક પટેલનો સમાવેશ થાય છે. કેશુભાઈ પટેલ ભાજપની બીજી યાદી ઉપર નજર રાખી રહ્યા હતા પરંતુ મોદીએ સાવધાનીપૂર્વક રમત રમી છે.

ભાજપના નેતાઓ રાજ્યમાં પહેલી, બીજીએ પ્રચાર કરશે

અડવાણી, ગડકરી, સુષ્મા, જેટલી, મુરલી મનોહર તથા રાજનાથ સહિતના અનેક નેતાઓ સભાઓ ગજવશે

અમદાવાદ, તા. ૨૯

ગુજરાત વિધાનસભાની ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણના ઉમેદવારોના પ્રચારાર્થે ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ ૧, ૨ ડિસેમ્બરના રોજ ગુજરાતમાં ચૂંટણી પ્રચારાર્થે આવશે અને ગુજરાતના ખૂણે ખૂણે જાહેરસભાઓને સંબોધન કરશે.

ભાજપાના રાષ્ટ્રીય નેતા તેમજ પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરી, રાજ્યસભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલીજી ૨ ડિસેમ્બરના રોજ એક દિવસીય ગુજરાત પ્રવાસે આવી જાહેરસભાઓ સંબોધશે. ભાજપાના લોકસભાના વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ, ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. મુરલી મનોહર જોશી, રાજનાથસિંહ, વેંકેયા નાયડુજી, મહારાષ્ટ્રના પૂર્વ નાયબ મુખ્યમંત્રી ગોપીનાથ મુંડે, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ, હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી પ્રેમકુમાર ધુમ્મલ, ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકર, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, ઝારખંડના મુખ્યમંત્રી અર્જુન મુંડા, બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદી, ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ કલરાજ મિશ્ર, મહામંત્રીઓ અનંતકુમાર, વિજયકુમાર ગોયલ, રવિશંકર પ્રસાદ, કિરણ મહેશ્વરી, ધર્મેન્દ્ર પ્રધાન સહિતના નેતાઓ ૧, ૨ ડિસેમ્બરના રોજ ગુજરાતમાં ચૂંટણી પ્રચારાર્થે આવશે. ભાજપાના પ્રદેશ મીડિયાના ઈન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે આંકડાંગેની વિગતોમાં જણાવ્યું છે કે ૧, ૨ ડિસેમ્બરના રોજ જાણીતા ટેસ્ટ ક્રિકેટર તેમજ ભાજપાના રાષ્ટ્રીય મંત્રી નવજોતસિંગ સિદ્ધુ, મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ સ્મતિ ઈરાની, ફગ્ગનસિંહ કુલસ્તે, ભાજપ ગુજરાતના પ્રભારી બલવીર પૂંજ, રાષ્ટ્રીય પ્રવકતા રામનાથ કોવિન્દે, દુષ્યંતકુમાર ગૌતમ, ભાજપાના રાષ્ટ્રીય પ્રવકતા પ્રકાશ જાવડેકર, રાજીવ પ્રતાપ રૂડી, શ્રી ઓમપ્રકાશ ધનકડ તેમજ ઓમપ્રકાશ માથુર સહિતનાં આગેવાનો બે દિવસમાં જુદા જુદા સમયે ગુજરાતમાં ચૂંટણી સભાઓને સંબોધન કરશે.

પ્રાંતિજ બેઠક પરથી અત્યાર સુધી કુલ ૬ ઉમેદવાર દ્વારા ૭ ફોર્મ ભરાયા

સાબરકાંઠા જિલ્લાના ૩૩ પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારમાંથી ધારાસભ્ય બનવા માટે કુલ ૨૨ ફોર્મનું ચૂંટણી પંચ દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. તેમાંથી ૭ ફોર્મ પરત આવ્યા છે. તેમાં એક જ ઉમેદવારે ગુજરાત પરિવર્તન પાર્ટી તેમજ અપક્ષ તરીકે પણ ઉમેદવારી નોંધાવી છે. તા. ૨૭ નવેમ્બરે ઓફીસ સમય સુધીમાં ભારતીય નેશનલ જનતાદળમાંથી નરેન્દ્રસિંહ જીવતસિંહ ઝાલાએ પોતાની ઉમેદવારી નોંધાવી છે જયારે તા. ૨૮મી નવેમ્બરના રોજ ભારતીય જનતા દળમાંથી જોષી પરેશકુમાર પ્રવીણચંદ્ર તેમજ અપક્ષ ઉમેદવાર તરીકે જગતસિંહ પરમાર બીજા અપક્ષ ઉમેદવાર તરીકે પટેલ અનિલભાઈ તેમજ પટેલ ભીખાભાઈ કુબેરભાઈએ પરિવર્તન પાર્ટી તેમજ અપક્ષ ઉમેદવારી નોંધાવી કુલ બે ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી છે. સાથો સાથે હિન્દુ મહાસભામાંથી અરવિંદભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી છે.

ભાજપે ૧૧ને ટિકિટ આપી પ્રથમ તબક્કામાં માત્ર ૧૬ મહિલા ઉમેદવાર

અમદાવાદ, તા.૨૯

મહિલાઓને વધુ પ્રાથમિકતા બેઠકો ઉપર આપવાની ખાતરી ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા આપવામાં આવી હતી પરંતુ બંને પક્ષોએ ખૂબ ઓછી મહિલાઓને વિધાનસભાની ચૂંટણી લડવા માટે ટિકિટ આપી છે. આ પરંપરા યથાવત્ રીતે જારી રહી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે શાસક ભાજપ અને વિપક્ષી કોંગ્રેસે માત્ર ૧૬ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારી છે. અલબત્ત બંને પક્ષોએ ૩૩ ટકા અનામત માટેની જોગવાઈ ધરાવનાર મહિલા અનામત બિલને ટેકો આપ્યો છે. એકબાજુ ભાજપે ૧૧ મહિલાઓને ચૂંટણી મેદાનમાં ઉતારી છે. બીજી બાજુ કોંગ્રેસે ૮૭ વિધાનસભા બેઠક માટે માત્ર પાંચ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારી છે. પ્રથમ તબક્કામાં ગુજરાતમાં ૧૭મી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાનાર છે જેની તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરી લેવામાં આવી છે. ૧૩મી ડિસેમ્બરે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને પશ્ચિમ અમદાવાદમાં ચાર બેઠકો ઉપર ચૂંટણી યોજાનાર છે. તમામ બાબતોને ધ્યાનમાં લઈને રાજકીય પક્ષો આ પ્રકારની ગણતરી કરી રહ્યા છે. કોંગ્રેસની સરખામણીમાં ભાજપે વધુ મહિલાઓને ટિકિટ આપીને સ્થિતિને સુધારી છે પરંતુ કોંગ્રેસે હજુ પણ ઓછી સંખ્યામાં મહિલા ઉમેદવારોને ટિકિટ આપી છે.

ચૂંટણી પ્રચારને જોરદાર અને ઝંઝાવતી બનાવાશે

મોદીના ૩ લાખથી વધુ માસ્ક તૈયાર કરવાની પ્રક્રિયા જારી

છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ૨૦ હજાર રબર માસ્ક તૈયાર થયા હતા જેમાં ૨૦૧૨માં અનેકગણો વધારો થયો

અમદાવાદ,તા. ૨૯

વર્ષ ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીની સરખામણીમાં આ વખતે વધુ મજબૂતી સાથે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી મેદાનમાં આવી ગયા છે. નરેન્દ્ર મોદી તમામ શેરીઓમાં સામાન્ય લોકોના એક ચહેરા તરીકે બની ગયા છે. મોટા પ્રમાણમાં મોદીના ચહેરાના માસ્ક આવી ગયા છે. એકબાજુ મુખ્યમંત્રી થ્રીડી હોલોગ્રાફિક કાર્યક્રમો મારફતે મીડિયા વોર છેડી ચૂકયા છે. બીજી બાજુ તેઓ શેરીઓમાં પણ મોદી માસ્કની ફોર્મ્યુલાને આગળ વધારી રહ્યા છે. ગુજરાત ચૂંટણી ચારે બાજુ વન મેન શો તરીકે દેખાઈ રહી છે. ભાજપ આગામી પખવાડિયા સુધી ત્રણ લાખથી વધુ માસ્ક સાથે ગુજરાત ભરમાં છવાઈ જાય તેવી શકયતા દેખાઈ રહી છે. આશરે ૨૦ હજાર રબર માસ્ક છેલ્લી ચૂંટણી ચૂંટણીમાં તૈયાર કરવામાં આવ્યા હતા પરંતુ આ વખતે આની સંખ્યા વધારીને ત્રણ લાખ સુધી કરી દેવામાં આવી છે. પેપર અને પ્લાસ્ટિક જેવી સસ્તી ચીજવસ્તુઓનો ઉપયોગ પણ કરવામાં આવી રહ્યો છે. થ્રીડી શોના ઈચ્છિત પરિણામ મળી રહ્યા નથી જેથી મૂળભૂત ફોર્મ્યુલા પણ અપનાવવામાં આવી રહી છે. માસ્ક પાછળની મુખ્ય ફોર્મ્યુલા ફરી એકવાર મોદીએ તૈયાર કરી લીધી છે. ૨૦૦૭ની ચૂંટણી બાદ મોદીએ કહ્યું હતું કે માસ્કના કારણે તેમની વચ્ચે અને સામાન્ય લોકોમાં સીધો સંપર્ક સ્થાપિત થયો હતો. ભાજપ મીડિયા સેલના વડા જગદીશ ભાવસારનું કહેવું છે કે માસ્ક ઉપરાંત ભાજપ ચાંદલા, પર્સ, ટીશર્ટ, મોબાઈલ કવર, પોકેટ ડાયરી, પેન, હાથમાં બાંધવામાં આવતા પટ્ટાઓ અને કેસરીયા બેલુન જેવી ચીજવસ્તુઓ પણ તૈયાર કરવામાં આવી રહી છે. જુદી જુદી પ્રકારની ૫૦ એસેશરીઝ તૈયાર કરવામાં આવનાર છે. બાળકો અને યુવાનો માટે માસ્કર તૈયાર કરવામાં આવી રહ્યા છે અને આ માસ્ક સ્કૂલોમાં વિતરણ કરવામાં આવશે. ભાજપના કાર્યકરો પ્રચાર દરમિયાન પણ આ માસ્ક પહેરશે. પાર્ટી પહેલાથી જ તમામ ચૂંટણી પ્રચારની જવાબદારી જોરદાર રીતે આગળ વધારી ચૂકી છે. એકબાજુ કોંગ્રેસમાં નેતાગીરીની કટોકટીને લઈને પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. અગ્રણી સોસિયલોજિસ્ટનું કહેવું છે કે મોદીને આ પ્રકારની ઝુંબેશની કોઈ જરૂર નથી.